अर्पण पत्रिका.

શ્રીયુત મહાશય,

વાંસીયા ઠાકોર.

શ્રી જીતસિંહજી ભારતસિંહજી સાહેબ,

સ્વસ્થાન—ઝણોર.

ઇંદ્રવિજય છંદ.

ખડ્ગ ક્ષમા તણું ધારી અરિ,
દળને પળમાંય વિડારીજ નાંખો;
ધીરજ શાંતી દયા દિનતા નીતિ
શ્રેષ્ઠ ગુણો હૃદયે ભરી રાખો
પામરને દઇ દાન લહો શુભ
આશીષ સૂખી રહો ભવ આખો
"શ્રી જીતસિંહજી" ને "પરવત્ત"
પદે અવિનાશી અવિચળ રાખો. ૧

આપ નામદાર વિદ્યારૂપી કનકવેલી આશ્રય રૂપ પાણી પાઇને વૃદ્ધી કરવામાં, તઃ સ્વજ્ઞાત્યાભિમાન રાખી પોતાની કોમની ચઢતી થવામાં, તથા થતા ગ્રંથકારને ઉત્તેજન આપવામાં પૂર્ણ ઉત્સાહી છો. તથા ઔદાર્ય કાર્ય કરવામાં ઐક્યતા આદી ઉત્તમ ગુણોથી અંલંકૃત જઇ, આપ સાહેબે તા. ૬ઠીએ મરહુમ માનવંતાં શ્રી મહારાણીજી વિકટોરીયા-કૈસરેહિંદનો સ્વર્ગવાસ થયા બદલ દિલગીરી જણાવવા સારૂ મીટીંગ ભરેલી. તે સમયે મેં નામદાર "શ્રી મહારાણીજી વિકટોરીયા વિરહ" વાંચી સંભળાવેલો. તે આપ નામદારે શ્રી મહારાણીજીની દીલગીરી જાહેરાર્થે ખરચ આપી છપાવી પ્રસિદ્ધ કરવા દર્શાવેલું જેથી તે લઘુ પુસ્તક હું નમ્રતા પુર્વક આપ નામદાર સાહેબનેજ અર્પણ કરૂં છઉં તે સ્વીકારશોજી.

લી૦

હું છું આપનો આભારી.

સ્નેહાભિલાષી.— ગ્રંથકર્તા.

શ્રી મહારાણીજીના મરણ સંબંધે મળેલી–મીટીંગ.

મરહુમ માનવંતાં શ્રી મહારાણીજી વિકટોરીઆ–કૈસરેહિંદનો તા. ૨૨–૧–૧૯૦૧ને રોજ સ્વર્ગવાસ થએલ તે બાબતની દીલગીરી જણાવવા સારૂ મે. ઝણોર દરબાર વાંસીઆ ઠાકોર શ્રી. જીતસિંહજી ભારતસિંહજી સાહેબે પોતાના મકાનમાં તા. ૬–૨–૧૯૦૧ ને રોજ મીટીંગ બસી હતી જેમાં છાસેટીઆ મી. રામશંગબાવા ખુશાલશંગજી મી. પહાડશંગબાવા ખુમાનબાવા મી. ઇશ્વરસંગજી ખુશાલસંગજી. સેનેટરી કમીટીના તા. તાલૂકા લોકલ બોર્ડના મેમ્બર–ઝણોરા મી, ખુમાનશંગ દલપતસંગ નેટીવડૉકટર મી. ગવરીશંકર મી. દામોદર કશનદાસ કારકુન તથા મી. બાપુજી ખુશાલસંગજી વિગેરે અનેક સદ્‌ગૃહસ્થો તથા ઝણોરની આસપાસના ગામોના સદ્‌ગૃહસ્થો વીગેરે આશરે ૫૦૦ માણસોએ ભાગ લીધો હતો—

પ્રમુખ સ્થાન મહેરબાન વાંસીઆ ઠાકોર શ્રી જીતસિંહજી ભારતસિંહજી સાહેબને આપવામાં આવ્યું હતું. તેમાં પ્રારંભમાં સેનેટરી કમીટીના તા. તાલૂકા લોકલ બોર્ડના મેમ્બર મી. ખુમાનશંગે ઉભા થઇ નામદાર મહારાણીશ્રીના રાજમાં મળેલાં સુખોનું, તથા

ગઈ સાલ સંવત ૧૯૫૬ ના ભારી દુષ્કાળમાં નામદારે પ્રજાને કેવી કેવી મદદ કરી દુઃખના પંજામાંથી મૂક્ત કરી હતી, તે વીશેનો તાજો દાખલો દર્શાવી એક ટુંક પણ હૃદયવેધક ભાષણ આપી આવાં નેક રાજ્ય માતાના સ્વર્ગવાસને માટે ભારે દીલગીરી જણાવી હતી.

ત્યારબાદ પ્રમુખ સ્થાને બીરાજમાન થએલા મે. નેકનામ વાંસીઆ ઠાકોર શ્રી. જીતસિંહજી સાહેબે ઉભા થઇ એક ટુંક પણ ઘણું અસરકારક ભાષણ આપ્યું હતું. તે નીચે પ્રમાણેઃ—

ઝણોર અને બીજા ગામોના ગ્રહસ્થો, આજે આપણે જે કારણસર ભેગા થયા છીએ. તે કારણ તમો સરવેના જાણવામાં છે. કે આખા જગતને જેબ આપનાર નેકનામદાર શેહેનશાહબાનુ–કૈસરેહિંદ–વિકટોરીયા કે જેમના સદ્દગુણનો સોનેરી વાવટો ઘણી લાંબી મૂદતથી આખી જગતમાં ફરકી રહ્યો છે, તેમના બેહેસ્તનશીન થયા પછી સાચી વફાદાર પ્રજા તરીકે આપણા અંતઃકરણનો શોક અને તેઓ માનવંત માતા તરફનો આપણો ચાહ દુનીયાને જણાવવાનો આપણો હક અને ફરજ છે. તે આજ આપણે અદા કરીએ છીએ. મરહુમ માનવંતાં મહારાણીજીને બ્યાસીમું વર્ષ ચાલતું હતું અને તેમના તખ્તનશીન થયાનું ૬૪ મું વર્ષ ચાલતું હતું. જગતના

ઇતિહાસમાં તેમના જેટલું લાંબુ રાજ્ય ભોગવનારા શેહેનશાહો વિરલાજ પાકયા છે. અને જે થોડા થઇ ગયા છે તેમના કરતાં એમની કારકીર્દી બહુ ઉજવળ તેજોમયથી જગતને સૂખરૂપ શાંતી આપનારી એટલે તેમની પ્રજા સમસ્તના જાનમાલની સલામતી અને જાહોજલાલી ભરપૂર આબાદી દરશાવનારી છે.

"મરહુમ નામદાર શેહેનશાહ આપણા હિંદુસ્તાન ઉપર સારી પ્રીતી રાખતાં હતાં તેના દાખલા તરીકે તેઓએ છેક જૈફ ઉમરનાં થતાં પણ હિંદિ ભાષાનો અભ્યાસ શરૂ કીધો હતો"

"વળી હિંદની સ્ત્રીઓ માટે પણ તેઓ ગાન-વંતાં માતા અતીશય કાળજી ધરાવતાં હતાં. લોર્ડ અને લેડી ડફરીન જે પ્રસંગે હિંદુસ્તાનમાં આવતાં તે પ્રસંગે તેમણે લેડી ડફરીનને ભલામણ કીધી હતી કે તમે હિંદની સ્ત્રીઓ સૂધરે એવો તમારાથી બનતો પ્રયત્ન કરવાને ચૂકશો નહિ. અને તેથીજ તે લેડી ડફરીને ગામે ગામ, સ્ત્રીઓને માટે ખાસ હોસ્પીટલો તથા તેમને શીક્ષણ લેવા સારૂ કન્યાશા-ળાઓની સ્થાપના કીધી છે" કે જેથી આપણા હિંદુસ્તાનની સ્ત્રીઓ-સ્કુલદ્વારાએ ઉત્તમ શિક્ષણ લઇ ઉત્તમ પાયરીપર પહોચેલી આજ આપણે જોઇએ છીએ. અને તેમાં કેટલીકે તો પંડિતાનું પદ પ્રાપ્ત

કરી અક્ષય કિર્તિ મેળવી છે. તે શાથી ? મરહુમ માનવંતાં માયાળુ શ્રી મહારાણીજીના પ્રતાપથીજ. "વળી એમની વાણી પથ્થર સરખાને પણ પીગળાવી પાણી પાણી કરી નાંખે એવી મીઠાશ ભરેલી હતી. એક વેળા એક લડાઇમાં એક અંગ્રેજ સરદારના લશ્કરની પાયમાલી થવાથી ઇંગ્લાંડની પ્રજાએ તેના ઉપર નાખુશ થઇ, દીલગીરી ભરેલી બારે લાગણી દર્શાવી. જેથી તે અમલદારે તેજ લડાઇમાં જીત મેળવીને પાછો આવ્યા પછી ફરી નહિ લડવાના સોગન લઈ પોતે રાજીનામું આપ્યું. થોડા વખતમાં પાછી તેજ ઠેકાણે લડાઇ જાગી. તે વખત પ્રજાને તેજ અમલદાર પાછો જાય, તોજ લડાઇ જીતાય. એવું લાગ્યું. તેથી પ્રધાનોએ તેને ઘણું સમજાવ્યો. પણ તેણે જવાની ચોખ્ખી ના પાડી આખરે મહારાણીજીએ તેને પોતાના મહેલમાં ખાણાઉપર બોલાવી. પોતે આંખપાણી કરવાથી પોતાની પથ્થર જેવી છાતી એવી તો પીગળી ગઇ કે પોતે લીધેલા પેગંબરના સોગન પણ બાજુપર મૂકી રાણીજીનો સૂખન રાખી લડાઇમાં ગયો, અને તેમાં જીત મેળવી." એવી નમ્રતા ભરેલી વાણીરૂપ વશિકરણની સંપુર્ણ વિદ્યા જે રાજમાતામાં હતી. અને એવી રીતે જે કામ મોટા પ્રધાનોથી નહી બનતું હતું, તે મરહુમ બજાવત

હતાં. અને એ નામદારની એવી કુનેહભરી કાળજી- થીજ દુનીઆમાં અનેક લડાઇઓ થતી અટકતી હતી.

"સેબાસ્તપોલની લડાઇ વખતે પણ અંગ્રેજોની હાર થયા કરવાથી મહારાણી એટલાં શોકાતુર રહેતાં કે જ્યારે મોટો લોર્ડ મળવા આવ્યો, ત્યારે તેમના એક નાના છોકરાએ તે લોર્ડને કહ્યું કે અહીં શું બેઠા છો? જાઓ. શેબાસ્તપોલ જીતો નહિંતો મંમા મરી જશે. એ દાખલા ઉપરથી તેઓ રાજકાજમાં કેટલી કાળજી રાખતાં હતાં તે ખુલ્લું દેખાય છે."

"વળી નીતિની બાબતમાં તેઓ સીતા જેવાં સતિ હતાં અને પોતે રાણી તરીકેનું બીલકુલ અભી- માન રાખતાં નહોતાં." "શન ૧૮૫૮ માં જ્યારે મહારાણીજી પોતે હિંદનાં અધિકારી થયાં તે વખતે એક ઢંઢેરો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે ઢંઢેરો હિંદી પ્રધાને તૈયાર કીધો હતો. તેમાં તેમણે વચન આપેલું કે હિંદની પ્રજાનાં સુખે સુખ ને તેનાં દુ:ખે હું દુ:ખ માનીશ. તો તેજ પ્રમાણે મરહુમ માનવંતાં શેહેન- શાહબાનુ સંપૂર્ણ રીતે અદ્યાપી પર્યંત વરતી પ્રજાને અનહદ સુખો સમર્પણ કર્યાં છે. તો હવે આપણી ફરજ છે કે આ મહા દુ:ખમાં આપણે પણ મહાદુ:ખ માનવું જોઇએ."

એ મહાન દેવીના યશોગાન સ્વર્ગના કિંનરો પણ

ગાતાં થાકી જાય તેટલા છે. તેમની મજા વાત્સલ્ય પ્રીતી માટે આપણે સૌ ઉપકારના બોજામાં દબાએલા છીએ. એક માયાળુ માતા, અને ઉપકારી પિતા કરતાં વધુ ફળ દાતા દેશતારક દેવી માતુશ્રી તુલ્ય રાજકરતાની વીરહ વેદના દરશાવવાને આપણે તાકાદ ધરાવતા નથી.

એ મુજબ, પ્રમુખ સ્થાને બિરાજીત થએલા વાંસીઆ ઠાકોર શ્રી જીતસિંહજી સાહેબે ભાષણ દ્વારાએ પોતાના અંતઃકરણનો ઉભરો બહાર કાઢી જાનવતાં મહારાણીશ્રીના આ શોક જનક અકાળ બનાવને સારૂ બહુ શોક અને દીલગીરી દરશાવી હતી. અને પોતે ગદગદ કંઠે ભાષણ વાંચતાં મીટીંગના સર્વ જન મંડળને ભારે ગમગીનીમાં ઉતારી તેમના અંતઃકરણને પીગળાવી નાંખી અશ્રુપાત કરાવ્યો હતો. પ્રમુખ સાહેબ બેઠા પછી સર્વ મંડળ થોડીવાર અતિશય શાંત રહ્યું હતું. ત્યારબાદ મેં મહારાણીશ્રીના મરણ સંબંધે રચેલી આ " શ્રી મહારાણીજી વીક્ટોરીઆ વિરહ " નામનું કાવ્ય દીલગીરી સાથે વાંચી સંભળાવ્યું હતું. અને છેલ્લે મરહુમ મહારાણીશ્રીના અમરાત્માને પ્રભૂશાંતી આપે તથા હવે પછી દેશ પૂર્ણ આબાદીમાં રહે તે માટે ઇશ્વર પ્રાર્થના કરી દિલગીરી સાથે સર્વ મંડળી બરખાસ્ત થઇ હતી.

ગ્રંથકર્તા.-

કૈસરેહિંદ નામદાર
શ્રી મહારાણીજીવિકટોરીયા
વિરહ.

આજ લાજ લીધી પાતળીએ પ્યારે-એ રાગ-

વાય હાયરે સ્વર્ગે સીધાવ્યાં મા'રાણી
સ્વર્ગે સાધાવ્યાં મા'રાણી
રૂવે સૃષ્ટી આંખોમાં આંસુ આણીરે વાય ટેક

ઇસ્વી અઠાર ઓગણીની સાલે
હતી ચોવીસમી "મે" જયારે
થયો *જન્મ રાણીનો તે વારેરે વાય ૧

થતાં જન્મ ઉત્સવ થયો ભારે
રાણી વર્ષ એકનાં થયાં જયારે
[1]પીતા પરલોક પધાર્યા ત્યારેરે વાય ૨

---

* કેન્શીંગટનના મહેલમાં રાણીજીનો જન્મ થયો હતો ૧ડયુકઓફકેનેટ

હતાં માયાળુ જેમનાં [૨]માતા
દીર્ઘદર્શી સગુણે ઉભરાતાં
સુધા તુલ્ય સુગુણ પાન પાતાંરે વાય ૩
જેની બુદ્ધી ન જાય વખાણી
ટુંકી વયમાં ઇટાલીયન જાણી
ફ્રેંચ જર્મનાદિ બોલી શીખી શાણીરે વાય ૪
વળી મ્યુઝીક ડ્રોઇંગમાં દેવી
પામ્યાં પ્રખ્યાતી જોઇએ તેવી
હશે બાળા ન બાહોશ એવી રે વાય ૫
સોહે સુંદર ભાળ વિશાળ
ગૌર વર્ણા ગુલાબી ગાલ
શુક ચંચુ નાસીકા નિહાળરે વાય ૬
જેની ગ્રીવા કપોતશી કા'વે
દંત દાડમ કળીશા સોહાવે
કટી કેડ કેશરીની લજાવેરે વાય ૭
ભમર ભાસે છે જાણે કમાન
શીરકેશ વિષધર સમજાણ
અધર હિશે અરૂણના સમાનરે વાય ૮
નખ હિરાકણી સમ જાણ
પદ તળ કુમકુમ પરમાણ
અંગુળી મગફળી ઉર આણરે વાય ૯

---

૨ ડયુકઓફ સેક્ષકોબર્ગઆલફ્રેડનાં બેટી.

પાણી પ્રલંબ સુંઢશા સોહાવે
પાય કેળ કેરા સ્તંભને હરાવે
નેણ જેનાં મૃગ નેણાં કહાવેરે વાય ૧૦
રૂપ રાણીનું વર્ણવ્યું ન જાએ
કવિથી પણ ના કહેવાએ
તો શુ રટે "પરવત્ત"રશનાએરે વાય ૧૧
એથી એવુ અનુમાન થાએ
રાણીજીને નવરાશની વેળાએ
ઘડયાં હશે નિરાંતે બ્રહ્માએરે વાય ૧૨
જેની કાંન્તી [1]શશાંકના જેવી
નીતી રીતીમાં નીપુણ દીસે તેવી
જડે જ્ઞાનમાં ન જોડ જોતાં એવીરે વાય ૧૩
તેજ દેખી [1]સીંધુ સૂતની ધીર
હશે છૂટી વિચારતાં વીર
જેથી વો'રી લીધો ક્ષય શીરરે વાય ૧૪
જેમ કસ્તુરી ડોળે નીવસી
પસારે છે ચોપાસ વાસ ખાસી
તેમ લઘુવયે કીરતી પ્રકાશીરે વાય ૧૫
બાળવયે શ્રેષ્ઠ ગુણ શીખી શાણી
દયા ક્ષમા ધીરજ ગુણ વાળી
અહીં શાંન્તી વીરાજે મા'રાણીરે વાય ૧૬

---

૧ ચંદ્ર

વૃદ્ધી પામે સુદીના શશી જેમ
વધ્યાં તેજ વયે રાણીજી તેમ
થયાં વર્ષ અઢારનાં એમરે વોય ૧૭
રાજ કાજમાં પ્રવિણ દીશે પુરાં
પોતે પરઉપકારમાં સૂરાં
મળે એકીન વાતે અધુરાંરે વોય ૧૮
સન અઢાર સાડતીસ જાણો
માહે જુન કેરી વીસમી વખાણો
પામ્યાં રાજપદ પોતે પ્રમાણોરે વોય ૧૯
રાણીજીને તખ્તારૂઢ કીધાં
ત્યારે દેવે દુંદુભી દીધાં
પુષ્પવૃષ્ટીથી વધાવી લીધાં રે વોય ૨૦
રહે ચંદ્ર પૂર્ણીમાનો પ્રકાશી
એવું રાણીનું મૂખ સુખરાશી
જોઈ રાચે [1]"વિલાયત" વાસીરે વોય ૨૧
વાજાં વિવિધ પ્રકારનાં વાગે
કવી ગાય ગુણ ઇંગ્લીશ રાગે
સૂણી ભુખ ને તરસ સૌ ભાગેરે વોય ૨૨
સૌને આનંદ ઉર ઉભરાએ
ઘેરે ઘેર ગુણ રાણીના ગવાએ
વડા વારતે વીવાથી વખણાએરે વોય ૨૩

---

૧ લંડન.

રૂડા મોતીડે ચોક પૂરાયા
જાણે હોય ધન કોટી કમાયા
એથી હૈડે અતિ હરખાયારે વોય ૨૪
લાછ કોટી લુટાવી દીધી
પાછી પાની ન કીંચીત કીધી
કોટી આશીષ અનાથની લીધીરે વોય ૨૫
કેદી લાખોને છોડી દીધા
સૂત ભામનીની ભેળા કીધા
જશ ઝાઝા તે વારે લીધારે વોય ૨૬
થયા દેશોદેશે સૂભ તારો
રહ્યો આનંદનો ન એક આરો
જમ્યા લોક ફરી સૂભ જમણવારોરે વોય ૨૭
મળી સભાતે વાર ઠામ ઠામે
બોલી રાણીનો જય હર્ષ પામે
ગયું દુખ માત્ર સાગરની સામેરે વોય ૨૮
મળ્યા લોકોના થોક સુભ કાજે
રૂડાં છત્રીસ વાજાં [1]વાજે
જેનો ઘોર ગગનમાં ગાજેરે વોય ૨૯
કવી લોકે રસીલી કાવ્ય ગાઇ
સર્વ સભાતે સુણી હરખાઇ
કવીને પાઘ સાલો અપાઇરે વોય ૩૦

---

1 વાગે.

સભામાં ભલાં ભાષણો અપાયાં
ખુશાલીમાં દારૂખાનાં છવાયાં
(હિંદવાશી જન ખુબ હરખાયાંરે વેય ૩૧
અહી રાજની લગામ લીધી હાથ
રાજરથ ખેડીઓ નીતી સાથ
જેથી પીડા ન પામે અનાથરે વેય ૩૨
જેના રાજમાં ન લાંઠીઆ લુટારા
વળી દીશે ન જન બાળનારા
જડે સોધ્યા ન ખુન કરનારારે વેય ૩૩
વળી હુતા જે જન બંડખોર
તેના દીધા ઉતારી તોર
આજ હીંડે સીધા થઇ દોરરે વેય ૩૪
જેથી રૈયત સુખમાં મહાલે
કાળી રાતેજ રૂપીઆ ઉછાળે
પણ વાટમાંય નામ કોઇ ના લેરે વેય ૩૫
મળે ભો ન કંઇ ચોર ચખાર
સુખે સુકી ઉઘાડાં દ્વાર
સુવે નચીંતથા નર નારરે વેય ૩૬
રાણીજી વીજેકૃત રણધીર
કેશરી ને અજા એક તીર
રાખી જોડે ઉભાં પાયું નીરરે વેય ૩૭

સ્વર્ગ મૃત્યુ પાતાળને વીષે
જેનું રાજ પથરાયલું દિશે
દુખ કોઇને ન માત્ર નિર્મીપેરે વોય ૩૮
પડયો * છપન્નાનો દુષ્કાળ ભારી
ત્યારે રીલીફ કામો કાઢી
રંક રૈયત રીબાતી ઉગારીરે વોય ૩૯
આપી ખેડુત સૌને તગાવી
ધોરી આપ્યા વીદેશથી લાવી
જેથી ખેડી જમીન આ વાવીરે વોય ૪૦
વળી કુવાને કાજ દામ દીધા
કંઈ કોટી ધર્માદા કીધા
કાળ જવાળથી બચાવી લીધારે વોય ૪૧
અતિ અનાથાશ્રમો ઉઘાડી
જીવ લાખો બચાવ્યા જમાડી
આપી વસ્ત્રોને વેદના મટાડીરે વોય ૪૨
ત્યારે દેશી રાયે કેર કીધા
મારી ઝુડી મેહસુલ દામ લીધા
એમ દાઝયા ઉપર ડામ દીધારે વોય ૪૩
રહયો ૧સત્તાવને જવર જામી
નીમી ડાકટરો ન રાખી ખામી
લેશ લોધી ન શીર બદલામીરે વોય ૪૪

---

* સંવત. ૧૯૫૬ ૧ સંવત. ૧૯૫૭

આવી ડાક્ટરે ગામે ગામ
દવા આપીને કીધ આરામ
એમ કાઢયું નવે ખંડ નામરે. વાય ૪૫
શાણી રાણીએ છેક હુદવાળી
દીધાં દુકાળ દુખડાં ટાળી
પ્રજા પોતાની પુત્રવત પાળીરે. વાય ૪૬
ખરા સંકટ સમે સા'ય કીધી
પાછી પાની ન પોતે કીધી
રંક લાખોની આશીષ લીધીરે વાય. ૪૭
વળી ઠામ ઠામ સ્કુલો સ્થાપી
રૂડું વિદ્યા તણું દાન આપી
દીધું અજ્ઞાન માત્ર ઉથાપીરે વાય. ૪૮
રૂડી કન્યાશાળાઓ ઉઘાડી
ભણે જેથી બાળાઓ બીચારી
દે શું આશીષ ઉરથી દા'ડીરે વાય ૪૯
જેને ઉંચે છે આભ આધાર
નીચું ન્યાળતાં જમીન નીરધાર
સુખ માણેછ આજ તે અપારરે. વાય. ૫૦
રાજ થયું ન કોઇનું એવું
"મહારાણી વીકટોરીઆ" જેવું
જન શ્રોતા હું સાચું કેઉંરે વાય. ૫૧

એવું રાણીએ રામરાજ કીધું
સ્વર્ગનાથી સરસ સુખ દીધું
માએ મેળવી અમરપદ લીધુંરે વોય ૫૨
ગમ્યું ગોવીંદને તે ન દીઠું
તેથી મોકમે ક્રોધપણું કીધું
હિંદ કેરૂં કૌસ્તુભ હરી લીધુંરે વોય ૫૩
થયો * લખવા એ દુઃખનું મંડાણ
હતી આશા મરવાની નીરવાણ
હતું આવું ન કોઇને જાણરે વોય. ૫૪
વડી વાડી લાખેણું સુખ ટાળ્યું
કલ્પતરૂને મૂળથી વીડાર્યું,
મૂવે કયા કાળ કેરૂં વેર વાળ્યુંરે વોય ૫૫
ઇશ્વી ઓગણીસેં એકની આવી
કાળ વીતે સૌને ભલી ભાવી
પણ તેણે દીધાં દુઃખમાં ડુબાવીરે વોય ૫૬
તારીખ બાવીસમી જાન્યુઆરી
સૌને શોકરૂપ સીંધુમાં ધારી
મારી કાળજામાં કારિ કટારીરે વોય ૫૭
માએ ચોસઠ વરસ રાજ કીધું
સુખ સ્વર્ગથી અધીક ઠીક દીધું
માન ઇશ્વરી સમાન જેણે લીધુંરે વોય. ૫૮

---

* એક જાતનો વાયુ.

જેણે જીંદગી અખીલ જશ લીધો
વીજય ડંકો વીદેશમાં કીધો
બ્યાસી વર્ષે સ્વર્ગે પંથ સાહી લીધોરે વો. ૫૯

સૈયર દુઃખ શું દાખવું
મન ભડકે બળે છે. એ રાગ—
સ્વર્ગે સીધાવ્યાં મા'રાણીજી
વાળ્યું લખવે શું વેર
ઝડપી લીધાં જોત જોતમાં
કાળો વરતાયો કેર વ. ૬૦
કોપ થયો કળી કાળમાં
રાણી રત્ન લૂંટાયું.
સુખનો સમુદ્ર સુકાઇ ગયો
શોક વાદળ છાયું. સ્વ ૬૧
માઠી ખબર મળતાં સહુ
પ્રજા ઇંગ્લાંડ વાશી
હાથ ધરે શીર કુટતી
પૂરણ પ્રગટી ઉદાસી. સ્વ. ૬૨
કોનું ખાવું પીવું તે સમે
રહ્યાં રાંધેલ ધાન
સ્વર્ગપૂરી સમ શે'રતે
ભાસે સમ શમશાન. સ્વ. ૬૩

પૃથ્વ પરિવાર રાણીના
પૃથ્વી હાથ પછાડે
પ્રેમી માતાના મરણથી
પોકો પ્રેમની પાડે. સ્વ. ૬૪

હાજી હાજી કરી હાથથી
હાંશે જેને ઉપાડે
તેરે ફુટે શીર છાતીઓ
બહુધા બળથી બરાડે સ્વ. ૬૫

શે'રના લોકની સામટી
લક્ષ્મી લાખો લુટાણી
હાય ખરે તેમ તે રડે
આંસુ આંખમાં આણી સ્વર્ગ ૬૬

કે ગયાં વા'ણ વિદેશમાં
લાભ સુદ્ધાં લુંટાયાં
કે તન વા'લાં પ્રાણથી
પડી [illegible]રમાં સમાયાં સ્વર્ગ ૬૭

કે બેસ [illegible]ંગલા બાંધીને
કારીગર પરવાર્યા?
તેર બળ્યા આજ આગમાં
કે અરિથી હોય હાર્યા સ્વર્ગ ૬૮

કે નીજ પ્રમદા પ્રાણથી
વા'લી જેહ વિશેષ
હોય વીજોગ તેનો પડયો
તેમ કરપે [1] છ કેશ. સ્વર્ગ ૬૯

જતન કરેલું રતન તે
પડે છેડથી છુટી
તેમ વીલાયત વાશીના
હૈયામાં હોળી ઉઠી સ્વર્ગ ૭૦

ભેળ પડી સારા શેરમાં
કાચી કેળો કપાઇ
વાદળ સુખનું વીખરઇ ગયું
સઘો શોક છવાઇ સ્વર્ગ ૭૧

તાર ગયા જે જે ઠામમાં
ત્યાં ત્યાં ઉલટયો ઉતાપ
મૂકે નીશાશા રોઇ રોઇ સહુ
વીધ વીધ કરીને વીલાપ સ્વર્ગ ૭૨

માઠી ખબરનું વાયુ વેગે
થયું જગતને જાણ
શબ્દ ઉચ્ચારી હાય હાયના
પ્રજા કરે પોકરાણ સ્વર્ગ ૭૩

---

૧ તોડે

ઇશ્વર આશું ગમ્યું તને
રત્ન લુટીને લીધુ
વેગે સુખ સૌ વણસાડીને
દારૂણ દુખડુ તેં દીધું — સ્વર્ગ ૭૪

દ્વાદશ સવિતા સાથમાં
ઉગી પ્રસરાવે તાપ
જગત પ્રલયથી પણ વધુ
સૌને મન પરીતાપ — સ્વર્ગ ૭૫

કાળ કસાઇ ક્યાંથી આવીયો
કાળો વરતાવ્યો કેર
હાય મુવે કયા ભવતણું
વાળ્યું આ સમે વેર — સ્વ ૭૬

દુઃસહ દંડ દેતાં જરી
દયા દેવ ન આણી
હાય ન કીધું ભલું હવાં
રૂડાં જે "મહારાણી" — સ્વ. ૭૭

ભડા શું ન ભાવ્યાં તને
રૂડુ રાજ કરતાં
પામર ભાખોને પાળતાં
દિનનાં દુખડાં હરતાં — સ્વ. ૭૮

કાળ કસાઇ તાહરૂં
જડામૂળથી જાજો
લોહ સમાચાર ચલાવતાં
મુંડા લેશ ન લાજયો ૨૫. ૭૯
પાનું તેં પરિગ્રહજી
કેઇ પોથીનું જોયું
કે જેથી વા'ણ વિશ્રામનું
અધવચ ડબોળ્યું ૨૫. ૮૦
"જર્મનશાહ" * દોહિત્ર છે
જેના "ઝાર" વેવાઇ
સૌને ડુબાવ્યા શોકમાં
આણી ને અદેખાઇ ૨૫. ૮૧
સુરા સેનાપતિ જેમના
કીધા સર બહુ દેશ
મોટાના મદને મરોડીઆ
મેળવ્યા જશ બેશ ૨૫. ૮૨
જેના રાજ તણી ઘણી
દીશે ખુબી અદભૂત
ઘણુ એક છેટે રહ્યા છતાં
જેની વાગતી ફુંક ૨૫. ૮૩

---

* રૂશીયન શેહેન્શાહ

સુખ સદાનું હવે ગયું
જતાં આ રાણી માત
વજ્જર બાણનો ઘાવ આ
ન સહુવાએ સાક્ષાત. સ્વ. ૮૪

વીસરતાં શું વીસરે ક્ષણ
પૂરા કીધેલ પાડ
હાય હવે પાળી પૂત્રસમ
કુણ લડાવશે લાડ. સ્વ. ૮૫

વીધ વીધ એમ વીલાપતી
ભૂખ તરસ ને ત્યાગી
રૈયત સકળ સૃષ્ટી તણી
કળકળવાને લાગી. સ્વ. ૮૬

કુટે કપાળને છાતીઓ
ચુંપે મુસ્તક વાળ
દેશ વિદેશ વિષે પડી
સૌ સ્થળે હડતાળ. સ્વ. ૮૭

બંધ કચેરીઓને વળી
દિસે બંધ નિશાળો
એમ સકળ સૃષ્ટિ વિષે
વરત્યો કેર કાળો. સ્વ. ૮૮

કોનું ખાવું પીવું ને વળી
કોનું કરવું શયન
રડી રડી રાતાં ચોળ થૈ
ગયાં ફુલી નયન. સ્વ. ૮૯

ઘડી એક ઘરમાં ગોઠે નહિ
બા'ર ખાવાને ધાય
ક્યાંરે જવું નવ સુઝતું
હવે કરવું શું હાય સ્વ ૯૦

બાળે શોકાગ્ની બદન આ
કુંણ બુઝાવે દાઝ
લોહી તણી નીકો વાટમાં
વે'તી દીશે છ આજ. સ્વ ૯૧

વળી અધીકારી સહુ
ડ્રેશ કાળા બનાવી
ધારણ કીધ છતાં નહી
શકયા શોક સમાવી. સ્વ. ૯૨

સૃષ્ટી સકળ ડુબી શોકમાં
બની બહુ વૈરાગી
ચોધાર આંસુડાં થકી
હાય રડવાને લાગી. સ્વ. ૯૩

તરૂવર ડાળ ઝુકી ઝુકી
શીર કુટવા જાય
પંખીડાં ચારો ના ચરે
ઘોડા ઘાસ ન ખાય. સ્વ. ૯૪

અરૂણુ રડે આજ આભમાં
દિવસ ઝાંખો જણાય
શોકભર્યો શશી નાશતો
પેશી અભ્રમાં જાય. સ્વ. ૯૫

વનવાસી વન મૂકીને
નાશી જાતાં જણાય
સાગર તટપર જે ખરે
ઇચ્છે પાડવા કાય. સ્વ. ૯૬

પોપટ મોર મેના તણા
સાદ ના સંભળાય.
વીરહ આ વરણવવા ગયા
બ્રહ્મા પાસ જણાય. સ્વ. ૯૭

વાયુ પુર વેગે વાયછે
જાણે કરીને ક્રોધ
દેવને દંડવા દોડીયો
આકાશે અની જોધ. સ્વ. ૯૮

ધાપ ઘણા કરી નૃપતે
[1] અર્ણવ આજ અપાર
જાણે રાણીના મરણથી
રડે કરીને પોકાર. સ્વ ૯૯
વાંણ[1] વારીધીને વિષે
બની વ્યાકુળ કાય
મા'રાણી માતાના મરણથી
જળમાં ઝંપાવા જાય, સ્વ ૧૦૦
વાટે જતા વટેમારગુ
ચોરે ચારણ ભાટ
ચોટે રડે ચારૂ શેડીઆ
પ્રમદા પાણીને ઘાટ. સ્વ. ૧૦૧
ખેતર ખેડતાં ખેડુતો
શેરીમાં રડે શ્વાન
ગાયો રડે ગૌશાળમાં
અશ્વ તે અશ્વસ્થાન સ્વ. ૧૦૨
હાથીખાને હસ્તી રૂવે
એમ થયું પોકરાણ
શાણી મા,રાણીના મરણથી
ભાસે વસ્તી વેરાન સ્વ. ૧૦૩

---

૧ સમુદ્ર.

વર્ણવતાં દુખ વીરહનુ
કવીશ્વર હારી જાય
તો "પરવત" પામર તણી
લેખણથી શું લખાય 　　　　 ૨૧. ૧૦૪

કલપાંત આ કરવા તણો
માર્યો વીધીએ આંક
તો પછી "પરવત" દેવને
દોષ દેવો ન ટાંક 　　　　 ૨૧. ૧૦૫

વીરહ આશું વરણવું
લખતાં ગ્રંથ લખાય
પણ ટુંકામાં ટપકાવી દઉં
સઘળે શોક જણાય 　　　　 ૨૧. ૧૦૬

આત્મા અમરને પ્રભુ આપજો
ઠીક ઠરવાને ઠામ
"પરવત" સજળ નેત્રે ભરી
કે છે કરીને પ્રણામ 　　　　 ૨૧. ૧૦૭

છપ્પો.

દિશે રકત રવિ રાજ
આજ જોતાં આકાશે

સકળ સુસૃષ્ટી નકાર
ભયાનક સરખી ભાસે
લક્ષ્મી લાખ કરોડ
ક્ષણમાં જાય લુંટાઇ
એમ સરવને આજ
ઉદાસી * આનન છાઇ
આ વિરહ દુખ શું વરણવું
મૂજમાં બળ નથી વાણીનું
રહ્યો છાઇ શોક "પરવત" પટ
મરણ થતાં મહારાણીનું ૧૦૮

રાગ દીંન્ડી.

થયો કોપ કળી કાળમાં અકારો
જતાં માત વહે [1]અક્ષી અશ્રુ ધારો
રહ્યો કષ્ટનો ન કાંઇરે કિનારોરે. થયો ૧૦૯
હતો રોગ જેના નખ વિષે ન જાણ્યો
મૂત્રો [2]લખવા કયાંથી આવીને ભરાણો
ઝડપી લેઇને વરતાવ્યો કેર કાળોરે. થયો ૧૧૦
જતાં દેવી હિંદ ઝાંખી ઝટ જણાએ

---

* મૂખ. ૧ આંખ
૨ એક જાતનો વાયુ.

રહી *આનને ઉચ્ચારી હાય હાયે
સુણી તે વિલાપ હૃદય ફાટી જાએરે. થયે ૧૧૧
વિમળ નીતી રીતી નેક ટેક ધારી
અદલ ન્યાયી મૂરત ધર્મની લોધારી
હતી દુખ વિનાશનીસતિ સુખકારીરે. થયે૧૧૨
ગયાં સ્વર્ગમાં સિધાવી મારી માડી
તજી સ્નેહ હિંદથી વિજોગ પાડી
આપી સુખ વેળા દુખની દેખાડીરે. થયે ૧૧૩

દશા આ શી થઈ મારી
કરમની છે ગતી ન્યારી —એરાગે
રઝળતી હિંદને મેલી
ગયાં દુખ કુપમાં ઠેલી
ગમ્યું તમને એ શું સારૂ. (૧)
વિરહ દુખડું દમે વારૂ
વીસરતાં નહિ વિસરે; અંતરમાં અણું વાર
હાય હવે આ હિંદની કુણ લેશે સંભાળ-
દયાળુ હે મયાળુ મા (૨)
દયાઅણું એ શું આવીના- રઝળતી ૧૧૪

---

* મૂખ.

લાયક લક્ષણવંત હે! શ્રી ફળદાયક માત
દાદ હવે ફરીયાદની; કુણ દશે સાક્ષાત
નકી એથી ઉરે આવે. (૨)
દશા બૂરી હિંદની હાવે. રઝળતી ૧૧૫

ઉત્તમ અમલ વિષે રહી; ભોગવતી સુખસાર
દુખ સ્વપ્ને દીઠું નથી; જે હિંદે તલભાર
અવધ તેની ખરે ખૂટી. (૨)
પડ્યું દુખ વાદળું તૂટી. રઝળતી ૧૧૬

મનહર છંદ.

પાળી પ્રજા પુત્રવત્ લક્ષથી લડાવ્યાં લાડ
સ્વર્ગથીસરસ સુખ દીધું મહારાણીએ
કાળ મુખો કાળ વિકરાળ પડયો છપન્નાનો
કેવી કીધી સા'ય વખાણી ન જાય વાણી એ
ઈશ્વરી સમાન મહાપદ મેળવીને લીધું
જેણે આ જગત વીષે દેહ ધારી માનવી
પઢ પરવત દશે દીશામાં દીપાવ્યું નામ
કા'ણીમાં કથાણીશાણી 'જનેતા' કે'જાન્હવી'

દાહરા. ૧૧૭

પરમ દયાળુ મયાળુએ
રક્ષણ કરતા માત

ગયાં સ્વધામ સીધાવીતે
હિંદ તણાં હતભાગ્ય ૧૧૮

લાડ લડાવ્યાં લક્ષધા
દહન કરી દુખમાત્ર
થયો વીયોગ સદૈવનો
હિંદ તણાં હતભાગ્ય ૧૧૯

જતન કરેલું રત્ન તે
છુટી પડયું સાક્ષાત્
દિવો બુઝાયો દેશનો
હિંદ તણાં હતભાગ્ય ૧૨૦

મળવાને આતુર હતો
આ આર્યાવૃત ભ્રાત
પણ દરશાન થવું દોહલું
હિંદ તણાં હતભાગ્ય ૧૨૧

સકલ ગુણ સંપન્ન જતાં
વિજીયા દૈવી માત
હાય હાય મૂખ ઉચરી
હિંદ કરે કલપાંત ૧૨૨

હિંદને દિલાસો

ઇંદ્ર વિજય છંદ.

ધીરજ ધાર તું હિંદ હવે
રડના રડવાથી નથી વળવાનું
પદ્મ પ્રફુલીત જેહ થયું
કરમાઇ ખચીતથી તે ખરવાનું
ભાગ્ય વિષે વિધિએ લખ્યું કષ્ટ
ન કોટી ઉપાય થકી ટળવાનું
શોક શમાવ પઢે "પરવત્ત"
નક્કી જનમ્યું જગતે મરવાનું. ૧૨૩
* લોહ તણી બડિ પેટી કરાવિ
પ્રવેસ કરી [1]તસ અંદર છૂપે
વારૂ ભરાઇ રહે કદી [2] ભુમહી
જાય જ ઘોર ગુફા તણી કુંક
ચોગણી ચીન ધરી ચતૂરાઇ
કરે ગતી કોક સમે નવ ચૂકે
[3]ચૂલ પડે ચતુરાઇ સહુ
"પરવત્ત" જ કાળ કદાપી ન મૂકે- ૧૨૪
પથ્થર સાથ મરે પટકી શીર
તું કદિ તો પણ શું વળનારૂં

---

* લોઢાની ૧ તેની ૨ પૃથ્વીને વિષે ભોંયરામાં
૩ ચૂલામાં.

દામ બહુ વિધ દાન દીયે
ગણતાં ગણિતેથી ગણાય ન વાર
ચિત્ત વિષે વરી ચોગણી ચાતુરી
લાખ કળા કરવા કદિ વાર
તોપણ રાણી અમૂલખ રત્ન
ગયું ફરી તેહુનને મળનાર. ૧૨૪

એક દિને સુખ કારણ છત્ર—
પલંગ સુવા દિન એકજ કાંકર
એક દિને મળતું મન ઇચ્છીત
ભોજન એક દિને નહીં ભાકર
હુકમ એક દિને કરતા જન—
લાખ પર દિન એક જ ચાકર
જોડ દિશે સુખ દુખનિ એમ
પઠે "પરવત્ત"ન શોક રતિ કર— ૧૨૬

દોહરા.

સુખપાછળ દુખ દેખીએ
દુખ પાછળ સુખ હોય,
દિવસ ગયે રાત્રિ પડે
રાત પછી દિન જોય ૧૨૭

વે'હુ' મોડુ' સર્વ કો
જાશે જાણ જરૂર
નથી રે'વાનુ' કોઇએ
આણ શોકમાં ઉર ૧૨૮
અમર નથી કો અવનીમાં
રહ્યુ' નથી [1]રહુનાર
પ'ચ તત્વનુ' પુતળુ'
પળમાં નષ્ટ થનાર. ૧૨૯
પરપોટા પાણી તણો
ફૂટ ફુટી જાનાર
પ'ચ તત્વનુ' પુતળુ'
પળમાં નષ્ટ થનાર. ૧૩૦
ઘટ કાચો મૃતિકા તણો
[2] નભે કેટલી વાર
પ'ચ તત્વનુ' પુતળુ'
પળમાં નષ્ટ થનાર. ૧૩૧
સ્પર્શ થતાં વાયુ તણો
દિપક ઝટ બુઝાય
તેમ પ'ચમા' ભૂતનુ'
પડી પુતળુ' જાય. ૧૩૨

૧ રહેનાર. ૨ રહી શકે

[1]તંતુ કાચો તોડતાં
લાગે લેશ ન વાર
તેમ પંચમા[2] ભૂતનું
પૂતળું પડી જનાર. ૧૩૩

રંક રાય કે રાણી તન
જેમાં બળ હદપાર
અવધ થતાં સૌ ઉપડે
ટકે નહિ તલ વાર. ૧૩૪

ઘંટીને ગાળે પડયા
દાણા લોટ થનાર
તેમ કાળની જવાળથી
કોઇ નથી બચનાર. ૧૩૫

અનાજ અગ્ની પર પડયું
ફડ ફડ ફુટી જાય
એલ ખલકનો એ[2] ધરા
જોતાં જરૂર જણાય. ૧૩૬

[3]પાનખરે સૌ પાનજો
ખરી ફરી [4]ફુટાય
તેમ જન્મને મર્ણ સૌ
આ *મહિ માંય જણાય. ૧૩૭

---

૧ રૂનોતાંતણો ૨ રીત ૩ પાનખરરૂતુ (ગ્રીષ્મરૂતુ)
૪ નવી કુંપળો આવે. * પૃથ્વી દુનીઆ.

માટે મારૂં માનીને
હવે શોક સૌ [1]છાંડ
થયું થવાનું જે હતું
[2] નવિનથી ઘર માંડ ૧૩૮
હૈયામાં હિંમત ધરી
દે મૂકી રડકુટ
"[3]પ્રીન્સ" બડો બહાદુર છે
દેશે સુખ અખૂટ. ૧૩૯
અનુભવી પૂરો એહ છે
નહિ પડવા દે *તુટ
"૨ પ્રીન્સ" બડો બહાદુર છે
દેશે સુખ અખૂટ. ૧૪૦
નીતી માંય નીપુણ છે
રાજ કાજમાં [3]પુર
ચલવી શુભ રથ રાજનો
વધારશે તુજ નુર. ૧૪૧
માટે નેહ [2]નવીનથી
કર તજીને કલપાંત

૧ મૂક ૨ લૉર્ડ પ્રીન્સ એડવર્ડ † રાજકર્તા શ્રી મહારાણીની ખોટ ૩ રાજને અંગે છાજે એવા સદ્‌ગુણથી પુરા.

દિવ દિલાસો "પરવતે"
સુણીને થા મન શાન્ત. ૧૪૨

દોહરા.

* ૭ ૫ ૯ ૧
સવંત મુની શર ભક્તિ ભુ
વિક્રમ કેરી સાલ
મહાવદ દ્વીતીયાને દિને
માનો મંગળવાર. ૧૪૩
સન ઓગણીસેં એકની
ફેબરવારી માસ
તા. ૧૪ પાંચમીને દિને
વિરહ પુર્ણ પ્રકાશ. ૧૪૪

---

*આ લીટીમાં શબ્દઉપર જે આંકડા મૂકેલાં છે તે ઉલટાવીને ગોઠવ્યાથી સંવતનું વરસ માલૂમ પડેછે.

ઇતિ-શ્રી નામદાર મહારાણીજી વિકટોરીઆ-વિરહ.

નામદાર શ્રી. પ્રીન્સ ઓફ વેલ્સ ઉર્ફે એડવર્ડ ગાદિ ઉપર આવ્યા તે સુભ પ્રસંગે.

સુભાષ્ટક.

હરીગીત-છંદ.

છે ધન્ય તારીખ બીજી
ફેવરવારી ને સનીવારને
છે ધન્ય તખ્તારૂઢ થયા
મા'રાણી તન તે સુભ દીને
અવિનાશી કહું એ રાણી તન
નીજ માતુ સમ કીર્તિ લહો
સુરવીર અંટકા રાણી તન
આ તખ્ત પર અમ્મર રહો, ૧

ઝૂલદાર મોતી રત્ન માણુક
થી ભરો ભંડાર સો

નાણું થજો રોકડ ઘણું.
સુરા મળો સરદારો સૌ
વળી પુર્ણીમાના ચંદ્ર સરસી
તાજ તેજી તગ તગો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મ રહો. ૨
વધજો વળી વિશ્વંભરા
ચતુરાઈ ચિત્તે ચોગણી
દુઃખભંજનો વિક્રમ સમા
થૈ સુખ દો સૌ દુઃખહણી
સઘળી પ્રજા સૃષ્ટીની
જય જયકાર મુખ વાણી રહો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મર રહો. ૩
હુન્નર અને કારીગરી
છે તેથી વધજો લખગણી
વૈભવ વધો વિશેષ એના
રાજનો લક્ષ્મી ઘણી
વળી બાહુ બળ બેહદ વધો
પળમાં અરિ દળને દહો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મર રહો. ૪

જાણી કદર કવિયો તણી
પૂરો કવિના કોડરે
પુરા હરામી ખોરની
ભૂલાવજો ખરી ખોડરે

આપે અદલ ઇન્સાફ એવી
શ્રેષ્ઠ બુદ્ધિને અહો
સુરવીરે અટંકા રાણી-તન
આ તખ્તપર અમ્મર રહો ૫

એ રાણી તનના વેરીને
ખંખેરી નાખો ખલકમાં
જે દુષ્ટ કામે પુષ્ટ એવા
પાપીને દળ પલકમાં

પરિવાર સહ “ એડવર્ડ ” એ
સુખ સ્વર્ગથી સરસું લહો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મર રહો. ૬

રૈયત રહો આબાદ એની
સર્વથા સુખ પામજો
સો રોગ દોગ શરીરના
સમુદ્દર તણા સામે જજો

વરસાવો [1]વારિદ ફાવતો
રાજા પ્રજાનું હિત ચહો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મર રહો ૭

શત્રુ નમાવો પાય ખેંચે
બાહ્ય કરી મૂખ હાયરે
જશ મેળવો કરી જીત
સમરાંગણ [2] વિષે જગસયરે
વળી કર્ણ સમ દાતારથે
દુખ દિનનાં "પરવત" દહો
સુરવીર અટંકા રાણી-તન
આ તખ્ત પર અમ્મર રહો ૮

૧ વરસાદ ૨ યુદ્ધનું સ્થળ.